For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### મહાનગરપાલિકાના દાવાઓ વચ્ચે સ્થળ પર વાસ્તવિકતા જુદી

# અટલાદરા ખાતે ઘરવિહોણાના સ્વપ્ન રોળાયા

## BSUP આવાસ યોજનાનું કામ ૬૫% જ પૂર્ણ, લાભાર્થીઓની રાહ લંબાઈ

**સામાન્ય** સભામાં કાઉન્સિલરોએ કરેલા આક્ષેપો સાચા ઠર્યા



(પ્રતિનિધ) વડોદરા તા.18

સરકારની વિવિધ ગ્રાન્ટો હેઠળ ઘરવિહોણા અને આર્થિક રીતે નબળા વર્ગના નાગરિકો માટે EWS અને બેઝિક સર્વિસીસ ટુ ધ અર્બન પુઅર જેવી આવાસ યોજનાઓ હેઠળ મકાનો તૈયાર કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં હજારો લાભાર્થીઓને આવાસ ફાળવી દેવામાં આવ્યા છે, પરંતુ શહેરમાં BSUP આવાસ યોજના અંતર્ગત અનેક મકાનો તૈયાર થઈ ગયા હોવા છતાં યોગ્ય જાળવણીના અભાવે ખખડધજ હાલતમાં ફેરવાઈ રહ્યા છે અને તેમ છતાં લાભાર્થીઓને ફાળવવામાં આવ્યા નથી.

બીજી તરફ, વડોદરાના અટલાદરા વિસ્તાર ખાતે તૈયાર થઈ રહેલા આશરે ૧૯૦૦ જેટલા BSUP આવાસોની કામગીરી છેલ્લા ચાર વર્ષથી અત્યંત મંથર ગતિએ ચાલી રહી છે. આટલો મોટો વિલંબ થયો હોવા છતાં, તંત્ર દ્વારા જવાબદાર એજન્સીને નથી કોઈ કારણદર્શક નોટિસ આપવામાં આવી કે નથી કોઈ દંડ ફટકારવામાં આવ્યો.

તંત્રના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટની સમયમર્યાદા ચાલુ વર્ષના ડિસેમ્બર મહિનામાં પૂર્ણ થઈ રહી છે અને હાલ ૬૫ ટકા જેટલું કામ પૂરું થઈ ગયું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. પરંતુ સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ જોતાં આ દાવો પોકળ સાબિત થાય છે. સ્થળ તપાસ દરમિયાન કેટલાય યુનિટ્સ હજુ પાયાના તબક્કે છે તો કેટલાક યુનિટ્સનું કામ અડધું-પડધું લટકેલું છે. પરિણામે, આગામી ડિસેમ્બર માસ સુધીમાં લાભાર્થીઓને આ મકાનોનો કબજો મળે તેવી કોઈ જ શક્યતા દેખાતી નથી.

ભૂતકાળમાં વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભામાં કાઉન્સિલરો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા હતા કે, અધિકારીઓ અને ઈજારદારો વચ્ચેના મેળાપીપણાના કારણે જ આવા કામો રઝળી રહ્યા છે. વર્તમાન પરિસ્થિતિને જોતાં આ આક્ષેપો સાચા ઠરી રહ્યા હોય તેમ પ્રતીત થાય છે. હાલની કામગીરીની ધીમી ગતિને કારણે આ મકાનો ડિસેમ્બરમાં નહીં પરંતુ આગામી વર્ષે જ પૂરાં થાય તેમ લાગી રહ્યું છે.

હવે જોવું એ રહ્યું કે મહાનગર પાલિકાના ઉચ્ચ અધિકારીઓ આ મામલે કોઈ ગંભીરતા દાખવીને યોગ્ય કાર્યવાહી કરે છે કે પછી લાભાર્થીઓને હજુ પણ લાંબી રાહ જોવી પડશે.

### ગેંડા સર્કલ નજીક આવેલી ઓફિસે બોલાવી વાતો ફસાવ્યા હતા

# અમેરિકાના વર્ક પરમિટ વિઝા આપવાના બહાને નડિયાદની મહિલા સાથે રૂ.૪.૭૭ લાખની છેતરપિંડી

**બ્લોસમ** ગ્રુપના સંચાલકે રૂ.૫.૭૭ લાખ પડાવ્યા, વિઝા ન થતા રૂ.1 લાખ પરત આપી બાકીની રકમ માટે ગલ્લા-તલ્લા

**મહિલાએ** ઓફિસે તપાસ કરતા એજન્ટ તાળું મારી ફરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

અમેરિકામાં નોકરી અપાવવાના બહાને નડિયાદની મહિલા પાસેથી રૂ.5.77 લાખ વડોદરાના એજન્ટે પડાવી લીધા હતા. વિઝા નહિ આપતા મહિલાએ રૂપિયાની માંગણી કરતા રૂ.1 લાખ પરત આપી બાકીની રૂ.4.77 લાખની રકમ નહી આપી છેતરપિંડીની આચરી હતી. બ્લોસમ ગ્રુપના સંચાલકે ત્રણ મહિનામાં અમેરિકાનું વર્ક પરમિટ કરાવી આપવાની ખાતરી આપી હતી પરંતુ બાદમાં ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયો હતો. મહિલાની ફરિયાદના આધારે પોલીસે એજન્ટની શોધખોળ શરૂ કરી છે.

નડિયાદ ખાતે રહેતી પૂજા દેસાઈને વિદેશમાં નોકરી માટે વર્ક પરમિટ વિઝા બનાવી કન્સલ્ટન્સીની શોધી રહી હતી. દરમિયાન બ્લોસમ ગ્રુપની જાહેરાત જોઈ સંપર્ક કરતાં હેમલ પટેલે તેમને વડોદરાના ગેંડા સર્કલ નજીક આવેલી ઓફિસે બોલાવ્યા હતા. આરોપીએ અમેરિકાના વર્ક પરમિટ માટે રૂ.8 લાખનો ખર્ચ થશે અને શરૂઆતમાં રૂ.6 લાખ ચૂકવવાના રહેશે તેમ પણ જણાવ્યું હતું.

મહિલાને એજન્ટ પર વિશ્વાસ રાખી પૂજાએ ડિસેમ્બર 2025થી જાન્યુઆરી 2026 દરમિયાન અલગ-અલગ હપ્તામાં બ્લોસમ ગ્રુપના બેંક ખાતામાં રૂ.5.77 લાખ જમા કરાવ્યા હતા. આરોપીએ ત્રણ મહિનામાં કામ પૂર્ણ થઈ જશે તેવી ખાતરી આપી હતી. જોકે સમય વીતી ગયા બાદ સંપર્ક કરતાં કામ ચાલુ હોવાનું કહી સમય પસાર કરવામાં આવ્યો હતો. આખરે પૂજા ઓફિસે પહોંચતા ઓફિસ બંધ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તેણીએ તપાસ કરતા અન્ય લોકોને પણ વિદેશ મોકલવાના બહાને નાણાં પડાવી ઓફિસ બંધ કરી એજન્ટ ભાગી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. પૂજાએ ફોન કરી રકમ પરત માંગતાં આરોપીએ રૂ.1 લાખ પરત કર્યા હતા, પરંતુ બાકી રૂ.4.77 લાખ પરત કર્યા આપતો ન હતો. મહિલાની ફરિયાદના આધારે પોલીસે હેમલ પટેલ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સ્વનિર્ભર ટેકનિકલ કોલેજોની ફીમાં વધારો

# FRC-T એ ૩૦ કોલેજોની નવી ફી જાહેર કરી

## વિદ્યાર્થીઓ પર રૂ.૧૧થી ૨૫ હજારનો વધારાનો બોજ

**નવરચના** યુનિવર્સિટીના BE, ME અને MBAમાં વધારો

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

ગુજરાતની સ્વનિર્ભર ટેકનિકલ કોલેજોમાં 2026-27થી 2028-29ના ત્રણ વર્ષના ફી બ્લોક માટે ફી રેગ્યુલેટરી કમિટી-ટીએ પ્રથમ તબક્કામાં 30 સંસ્થાઓની નવી ફી જાહેર કરી છે. મોટાભાગની કોલેજોમાં 10થી 12 ટકા સુધીનો વધારો થતાં વડોદરા સહિત મધ્ય ગુજરાતના વિદ્યાર્થીઓ પર વધારાનો આર્થિક બોજ પડશે.

નવા ફી માળખા મુજબ કેટલાક પ્રોફેશનલ કોર્સમાં વાર્ષિક રૂ.25 હજાર સુધીનો વધારો થયો છે. વડોદરાના વિદ્યાર્થીઓએ કેટલાક કોર્સમાં વાર્ષિક રૂ.11 હજારથી રૂ.25 હજાર સુધી વધુ ચૂકવવા પડશે. સુરતની સર્વજનિક કોલેજ બીઈમાં રૂ.7 હજાર, ગાંધીનગરની સ્કૂલ ઓફ આર્કિટેક્ચર એમ.આર્ચમાં રૂ.12 હજાર અને એલ.જે. ઈન્સ્ટિટ્યૂટ ફાર્મસીમાં રૂ.9 હજારનો વધારો થયો છે.

હજુ 37 સ્વનિર્ભર સંસ્થાઓની ફી જાહેર થવાની બાકી છે. આશરે 40 નવી ટેકનિકલ કોલેજો પ્રવેશ પ્રક્રિયામાં છે, જેમની અંતિમ ફી નક્કી થઈ નથી. એફઆરસીના નિયમ મુજબ મંજૂર ફી કરતાં વધુ વસૂલાત કરી શકાશે નહીં.

દરમિયાન સરકારી ડિપ્લોમા એન્જિનિયરિંગની 90 ટકા બેઠકો ભરાઈ હતી, જ્યારે સ્વનિર્ભર કોલેજોમાં 45,829માંથી માત્ર 9,547 બેઠકો ભરાઈ હતી. વિદ્યાર્થીઓએ પ્રવેશ પહેલાં એફઆરસીની વેબસાઈટ પર અંતિમ ફી અને અન્ય ખર્ચની વિગતો તપાસવા સૂચન કરાયું છે.

**સ્વનિર્ભર ટેકનિકલ કોલેજોની નવી ફી**

1. **નવરચના યુનિવર્સિટી, વડોદરા -** MBA: જૂની ફી 2,21,000 વધીને 2,46,000 વધારો 25,000
2. **નવરચના યુનિવર્સિટી, વડોદરા -** ME: જૂની ફી 1,17,967, વધીને 1,29,000 , વધારો 11,033
3. **નવરચના યુનિવર્સિટી, વડોદરા -** BE: જૂની ફી 1,16,000 વધીને 1,27,000 વધારો 11,000નો
4. **સાર્વજનિક કોલેજ, સુરત -** BE: જૂની ફી 1,29,000 વધીને 1,36,000 વધારો 7,000
5. **ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ, ગાંધીનગર** BE: જૂની ફી 89,000 વધીને 98,000 વધારો 9,000
6. **સ્કૂલ ઓફ આર્કિટેક્ચર, ગાંધીનગર** M.Arch: જૂની ફી 1,25,000 વધીને 1,37,000, વધારો 12,000
7. **એલ.જે. ઈન્સ્ટિટ્યૂટ** ફાર્મસી: જૂની ફી 1,17,000 વધીને 1,26,000 વધારો 9,000
8. **ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ, ગાંધીનગર -** MBA: જૂની ફી 1,09,000 વધીને 1,19,000 થઈ વધારો 10,000નો
9. **પી.પી. સવાણી યુનિવર્સિટી, સુરત** ફાર્મસી: જૂની ફી 1,04,000 વધીને 1,16,000 વધારો 12,000
10. **સાર્વજનિક કોલેજ, સુરત -** M.Arch: જૂની ફી 88,000 વધીને 96,000 વધારો 8,000

# ફતેહગંજમાં રિક્ષાચાલક પાસેથી રૂ.૫૭ હજારનો મોબાઈલ સ્નેચિંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

ફતેહગંજમાં રિક્ષાચાલક પાસેથી મોબાઈલ આંચકી ફરાર થઈ જવાની ઘટના બની છે. ખોડિયારનગરમાં રહેતા 28 વર્ષીય શૈલેશભાઈ જારીયા રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. 15 ઓગસ્ટની રાત્રે તેઓ સ્ટેશનથી ઘરે જતા ફતેહગંજ બ્રિજ નીચે હનુમાનજી મંદિર પાસે પેસેન્જરની રાહ જોઈ રિક્ષા ઉભી રાખી હતી. રાત્રે આશરે 8 વાગ્યે 25થી 30 વર્ષનો શ્યામ વર્ણનો અજાણ્યો શખ્સ રિક્ષા પાસે આવ્યો હતો અને શૈલેશભાઈના હાથમાંથી સેમસંગ S24 અલ્ટ્રા મોબાઈલ આંચકી લીધો હતો. રૂ.57 હજારની કિંમતનો મોબાઈલ લઈ આરોપી એક્ટિવા પર કમાટીબાગ તરફ ફરાર થઈ ગયો હતો. બનાવ બાદ રિક્ષાચાલકે બૂમાબૂમ કરી હતી, પરંતુ આરોપી નાસી છૂટ્યો હતો. મોબાઈલનું બિલ પોતાની પાસે ન હોવાથી તે સમયે ફરિયાદ નોંધાઈ નહોતી. બાદમાં પોલીસમાં ફરિયાદ નોંધાવી આરોપીને ઝડપી મોબાઈલ પરત મેળવવા તપાસની માંગ કરવામાં આવી છે.

# ગંભીરા બ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ ઓગસ્ટના અંતમાં ખુલ્લો મુકાશે

**૨૦૦** કરોડના ખર્ચે બનેલો અત્યાધુનિક બ્રિજ, ૨૦૨૫ની દુર્ઘટના બાદ વધુ મજબૂતી સાથે તૈયાર



(પ્રતિનિધિ) વડોદરા,તા.18

લાંબા સમયથી જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તે મુજપુર ખાતેનો નવનિર્મિત ગંભીરા બ્રિજ હવે સંપૂર્ણપણે તૈયાર થઈ ગયો છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા આશરે 200 કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત આધુનિક બ્રિજ બે મહત્વના વિસ્તારોને જોડશે.

બ્રિજ શરૂ થવાથી વાહનવ્યવહાર અત્યંત સુગમ બનશે અને મુસાફરોના સમય અને ઇંધણ બંનેની મોટી બચત થશે. બાંધકામ પૂર્ણ થઈ ગયું હોવા છતાં તંત્ર દ્વારા સુરક્ષાના મુદ્દે કોઈ બાંધછોડ કરવામાં આવી રહી નથી. હાલમાં બ્રિજના તમામ સુરક્ષા માપદંડો, ગુણવત્તા ચકાસણી અને લોડ ટેસ્ટિંગની પ્રક્રિયાઓ પૂરજોશમાં ચાલી રહી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, તમામ સુરક્ષા પરીક્ષણો સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ ઓગસ્ટ મહિનાના અંત સુધીમાં આ બ્રિજને સામાન્ય જનતા અને વાહનવ્યવહાર માટે વિધિવત રીતે ખુલ્લો મૂકવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ 9 જુલાઈ 2025ના રોજ આ નિર્માણધીન બ્રિજનો એક સ્પાન તૂટી પડવાની દુર્ઘટના સર્જાઈ હતી. જેના કારણે પ્રોજેક્ટની કામગીરીમાં વિલંબ થયો હતો. તે ઘટના બાદ તંત્ર દ્વારા વિશેષ સાવચેતી વર્તીને ઉચ્ચ ગુણવત્તા સાથે પુનઃ કામગીરી કરવામાં આવી હતી. તમામ ટેકનિકલ ખામીઓ સુધારીને હવે સંપૂર્ણ સુસજ્જ, મજબૂત અને સુરક્ષિત બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. બ્રિજ તૈયાર થતાં સ્થાનિકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

# દારૂ ભરેલી ક્રેટા સાથે રેલવેના હેડ કોન્સ્ટેબલ સહિત બે ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

નાયબ મુખ્યમંત્રીના બંદોબસ્ત દરમિયાન પેટ્રોલિંગ કરી રહેલી નંદેસરી પોલીસને ફાજલપુર ટોલનાકા પાસે શંકાસ્પદ ક્રેટા કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કારમાં સવાર બે શખ્સોને ઝડપી પાડ્યા હતા, જેમાં એક રેલવે પોલીસ વિભાગમાં હેડ કોન્સ્ટેબલ હોવાનું સામે આવ્યું છે.

દિલ્હી-મુંબઈ ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પર પેટ્રોલિંગ દરમિયાન લાલ રંગની હ્યુન્ડાઈ ક્રેટા શંકાસ્પદ જણાતા પોલીસે તેને અટકાવી તપાસ કરી હતી. કારની પાછળની સીટ અને ડિકીમાં પ્લાસ્ટિકની થેલીઓમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ રૂ.4.10 લાખ, રૂ.4.50 લાખની કાર અને ચાર મોબાઈલ સહિત રૂ.9.60 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સંજય ચુડાસમા અને વિક્રમ વલ્લભ ઢાપાની ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછમાં દારૂ સુરતના સચીન અહેમદ પાસેથી લાવવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે.

### ન્યુએરા સ્કૂલમાં કરંટથી વિદ્યાર્થીના મોત બાદ ડીઈઓની કાર્યવાહી

# શહેરની ૬૦ સ્કૂલોનું ઈલેક્ટ્રિકલ સેફ્ટી ઓડિટ ૨૧ અધિકારીઓની ૭ ટીમ દ્વારા સ્કૂલોમાં ચેકીંગ

**બેદરકારી** દાખવનારી સ્કૂલની માન્યતા રદ સુધીની કાર્યવાહી કરાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં આવેલી ખાનગી યુનિવર્સિટી સંચાલિત ન્યુએરા સ્કૂલમાં વિદ્યાર્થીનું વીજ કરંટ લાગવાથી મોત થવાની ઘટના બાદ શિક્ષણ વિભાગ એક્શનમાં આવ્યું છે. કચેરી દ્વારા 21 અધિકારીઓની સાત ટીમો દ્વારા મંગળવારે શહેરની 60 જેટલી સ્કૂલોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું.

ન્યુએરા સ્કૂલમાં બનેલી વિદ્યાર્થીના મોતની ઘટના બાદ શિક્ષણ વિભાગે મધ્યગુજરાત વીજ કંપની લિમિટેડને સાથે રાખીને પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. જેમાં જર્જરિત વાયરિંગ અને સ્કૂલની ફેન્સિંગમાં કરંટ લીક હોવાનું સામે આવ્યું હતું. આ ગંભીર ઘટનાને પગલે જિલ્લા શિક્ષણ અધિકારી મહેશ પાંડેની કચેરી દ્વારા શહેરની તમામ શાળાઓને ઈલેક્ટ્રિકલ સેફ્ટી ઓડિટ કરાવી તેનું સર્ટિફિકેટ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. મંગળવારે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીની 21 અધિકારીઓની 7 ટીમો દ્વારા શહેરની 60 જેટલી સ્કૂલોમાં અચાનક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસમાં હાલ કોઈ મોટી ત્રુટિ જોવા મળી નથી. જિલ્લા શિક્ષણ અધિકારી મહેશ પાંડેએ જણાવ્યું કે, દરેક શાળામાં કોઈ પણ ઈલેક્ટ્રિક વાયર ખુલ્લા ન રહેવા જોઈએ. દરેક એમસીબી યોગ્ય રીતે કામ કરે છે કે નહીં તેની ખાતરી કરવી ફરજિયાત છે. વિદ્યાર્થીના મોતની જે દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની તે ભવિષ્યમાં ન બને તે આપણી પ્રાથમિકતા છે. તેમણે વધુમાં કહ્યું કે, આપણી માટે બાળક મહત્વનું છે. જો આવી કોઈ ઘટનામાં શાળા સંચાલકો બેદરકારી દાખવશે તો આચાર્યોની જવાબદારી નક્કી કરવામાં આવશે. જરૂર પડે તો સ્કૂલની માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી પણ કરવામાં આવશે. આ મામલે એમજીવીસીએલનો અંતિમ અભિપ્રાય હજુ આવવાનો બાકી છે. તેની રાહ જોવાઈ રહી છે. સાથે જ પોલીસ પણ પોતાના સ્તરે અકસ્માતની તપાસ કરી રહી છે. ડીઈઓ દ્વારા તમામ શાળાઓને તાત્કાલિક ધોરણે સલામતીનાં પગલાં લેવા અને અહેવાલ રજૂ કરવા સૂચના આપવામાં આવી છે.

# વડોદરા રેલવે મંડળનું ‘વોટર ચેક’ સ્ટેશન-કોલોનીના પાણીની તપાસ

**યાત્રીઓ-**કર્મચારીઓના આરોગ્યને પ્રાથમિકતા, ગુણવત્તાયુક્ત પીવાનું પાણી સુનિશ્ચિત કરવા કવાયત

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

યાત્રીઓ અને રેલ કર્મચારીઓને સુરક્ષિત તથા સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તે માટે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા વિવિધ સ્ટેશનો અને રેલવે કોલોનીઓમાં પાણીની ગુણવત્તાની નિયમિત ચકાસણી કરવામાં આવી રહી છે. મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેના વિશેષ નિર્દેશ હેઠળ ચિકિત્સા વિભાગ દ્વારા આ કામગીરી હાથ ધરાઈ છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાના જણાવ્યા મુજબ, વિવિધ સ્ટેશનો અને કોલોનીઓમાં ફરજ બજાવતા આરોગ્ય નિરીક્ષકો દ્વારા નિર્ધારિત અંતરાલે પાણીના નમૂના લેવામાં આવે છે. નમૂનાઓમાં અવશેષ ક્લોરિનનું સ્તર તેમજ કોલીફોર્મ બેક્ટેરિયાની હાજરીની તપાસ કરવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા પીવાના પાણીની ગુણવત્તા નિયત આરોગ્ય ધોરણો મુજબ જળવાઈ રહે તેની ખાતરી કરવામાં આવે છે. વડોદરા મંડળના મુખ્ય ચિકિત્સા અધિક્ષક ડો. દિનેશ મોહને જણાવ્યું હતું કે સ્ટેશનો અને રેલવે કોલોનીઓમાં પાણીની વ્યવસ્થિત દેખરેખ માટે માસિક તપાસનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.

આથી તમામ સંબંધિત વિસ્તારોને નિયમિત રીતે આવરી લઈ પાણીની ગુણવત્તા પર સતત નજર રાખી શકાય છે. રેલવે તંત્રના જણાવ્યા મુજબ નિયમિત જળ પરીક્ષણથી પાણીજન્ય બીમારીઓનું જોખમ ઘટાડવામાં મદદ મળશે. સાથે જ પાણીની ગુણવત્તામાં કોઈ ખામી જણાય તો સમયસર જરૂરી પગલાં લઈ શકાય તે માટે પણ આ વ્યવસ્થા મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. યાત્રીઓ અને રેલ કર્મચારીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખી વડોદરા મંડળે સ્વચ્છ તથા ગુણવત્તાયુક્ત પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની કામગીરીને પ્રાથમિકતા આપી છે.

### ખંડેરાવ માર્કેટની ઘટના, ઠગ CCTVમાં કેદ

# ગૂગલ પેનો નકલી સ્ક્રીનશોટ બતાવી વેપારી સાથે ૬ હજારની છેતરપિંડી

**માંજલપુરના** વલય સોલંકી સામે શંકાની સોય; નવાપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

શહેરમાં ડિજિટલ પેમેન્ટના નામે વેપારીઓ સાથે છેતરપિંડી આચરતી ગેંગ અથવા ભેજાબાજ સક્રિય થયો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના ખંડેરાવ માર્કેટ નજીક આવેલા પુલ બજારમાં ગૂગલ પે થી નાણાં ચૂકવવાના બહાને એક શખસે વેપારી સાથે ૬,૦૦૦ની ઠગાઈ આચરી છે.

મળતી માહિતી મુજબ, એક અજાણ્યા શખસે વેપારી પાસેથી ૬,૦૦૦ મેળવી લીધા હતા અને ત્યારબાદ પોતાના મોબાઈલમાં ગૂગલ પેથી નાણાં ટ્રાન્સફર થઈ ગયા હોવાનો નકલી સ્ક્રીનશોટ વેપારીને બતાવ્યો હતો. નકલી સ્ક્રીનશોટ બતાવીને આ ભેજાબાજ શખસ તુરંત જ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. જોકે, આ સમગ્ર ઠગાઈની ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.

આ બનાવ સંદર્ભે પીડિત વેપારી દ્વારા નવાપુરા પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસ



તપાસમાં સામે આવ્યું છે કે, માત્ર ખંડેરાવ માર્કેટ જ નહીં પરંતુ તરસાલી અને માંજલપુર જેવા વિસ્તારોમાં પણ આ જ મોડસ ઓપરેન્ડીથી વેપારીઓ સાથે ઠગાઈ કરવામાં આવી હોવાની વિગતો બહાર આવી છે. અગાઉ મકરપુરા પોલીસ સ્ટેશનમાં પણ આવી જ રીતરસમથી આચરવામાં આવેલી ઠગાઈ અંગે ‘વલય સોલંકી’ નામના શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ ચૂકી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ભેજાબાજનું નામ વલય સોલંકી છે અને તે માંજલપુર વિસ્તારમાં રહે છે. હાલમાં નવાપુરા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વલય સોલંકીની આ ગુનામાં સંડવણી છે કે કેમ તે દિશામાં ઘનશ્યામ તપાસ હાથ ધરી છે.

### તાંત્રિકના શારીરિક અને આર્થિક શોષણથી કંટાળી ૨૮ વર્ષીય યુવતીએ આત્મહત્યા કરી લીધી

# ‘તારી છાતી પર ચુડેલ બેસે છે વિધિ કરવી પડશે’

**કુંભારવાડા** પોલીસ દ્વારા તાંત્રિકની ધરપકડ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા 18

શહેરના તુલસીવાડી વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષીય યુવતીને તાંત્રિકે તારી છાતી પર ચુડેલ બેસી છે તેનો ડર બતાવી શારીરિક તથા આર્થિક શોષણ કરતા તેણી ડરી ગઈ હતી. જેથી કંટાળી ગયેલી યુવતીએ ઝેરી દવા પીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. જેની માતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ભુવા સામે આત્મહત્યા કરવા મજબૂર કરવાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના કારેલીબાગ તુલસીવાડી વિસ્તારમાં રહેતા હંસાબેન ખુમાણે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની દીકરી તૃપ્તિ ખુમાણ (ઉવ ૨૮)



આપઘાત કરનાર યુવતી



તાંત્રિક

ફતેગંજ વિસ્તારમાં આવેલા સ્ટુડિયોમાં મેનેજર તરીકે ફરજ બજાવતી હતી. તેણી અવારનવાર બીમાર રહેતી હતી. જેથી પરિવારજનો બે વર્ષ અગાઉ છાણી જકાતનાકા પાસે આવેલ એકતા નગરના ગીરીશ પરમાર ઉર્ફે બાપુ નામના ભુવાના સંપર્કમાં આવ્યા હતા. ગીરીશ બાપુએ યુવતીને તારી છાતી પર ચુડેલ બેસે છે તેવો ડર બતાવી પોતાની જાળમાં ફસાવી હતી. વિધિના બહાને તેણે યુવતી પાસે માળા, અત્તર, મધ અને સિક્કો પર્સમાં રખાવ્યા હતા અને અવારનવાર શારીરિક માગણીઓ કરવા સાથે રોકડા તેમજ ઓનલાઈન મારફતે લાખો રૂપિયા પડાવી લીધા હતા.સતત માનસિક ત્રાસ, શારીરિક શોષણ અને પૈસાની માગણીથી કંટાળીને તૃપ્તિએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ૩૧ ડિસેમ્બરના રોજ તબિયત લથડતાં તેને એસ.એસ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં ગીરીશ બાપુ પોતે જઈને ડોક્ટરો સમક્ષ ઉંદર મારવાની દવા પીધાનો ખુલાસો કર્યો હતો. જેથી પોલીસે ગિરીશ ઉર્ફે બાપુ સામે આપઘાત કરવા દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**હોસ્પિટલમાં ધમકી આપતા પોલ ખુલી**

સારવાર દરમિયાન ગીરીશ બાપુએ આઈસીયુ બહાર જઈ યુવતીને ધમકી આપી હતી કે જો મારું નામ આપીશ તો હું શું કરી શકું છું તે તને ખબર છે. જોકે, વકીલ અને પરિવારજનોએ યુવતીની પૂછપરછ કરતાં તેણીએ ગીરીશ બાપુના તમામ કરતૂતો અને તાંત્રિક વિદ્યાના બહાને થતાં શારીરિક માનસિક ત્રાસની આપવીતી કહી સંભળાવી હતી. આમ કંટાળીને તૃપ્તિએ આ પગલું ભર્યું હતું.

**પોલીસે મોબાઈલ સહિતના પુરાવા જપ્ત કર્યા**

યુવતીના મોત બાદ પોલીસે મૃતકના ઘરેથી તાંત્રિક વિધિમાં વપરાતા સામગ્રીના પુરાવા, કાપેલા વાળ, ઝેરી દવાની ટ્યુબ અને મોબાઈલ ફોન કબ્જે લીધા છે. મૃતક યુવતીએ સંબંધીને ગિરીશને એવું કહો કે તૃપ્તિ નો મોબાઇલ પોલીસે કબજે કર્યો છે ત્યારે તેનો હાવભાવ ખબર પડશે જેથી સંબંધીએ ગિરીશ ને મોબાઈલ પોલીસ પાસે છે તેમ કહેતા જ તેણે ધમકી આપી હતી.

### સીએનજીના ભાવમાં પ્રતિ કિલો ૩.૭૫ નો વધારો

# ગુજરાત ગેસના ભાવોમાં વધારો થતાં રિક્ષા અને ટેક્સી ચાલકોના માસિક બજેટ ખોરવાશે

**અદાણી** બાદ ગુજરાત ગેસનો ભાવવધારો: સીએનજી રૂ.૮૫.૦૧થી વધીને રૂ.૮૮.૭૬ પ્રતિ કિલો થયો

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૮

વધતી મોંઘવારી વચ્ચે સામાન્ય જનતા અને વાહનચાલકોની મુશ્કેલીઓમાં વધુ એક વધારો થયો છે. અદાણી ગેસ બાદ હવે ગુજરાત ગેસ દ્વારા પણ સીએનજીના ભાવમાં પ્રતિ કિલો રૂ.3.75નો વધારો કરવામાં આવ્યો છે. નવા દર આજથી સમગ્ર રાજ્યમાં અમલી બન્યા છે. અગાઉ રૂ.85.01 પ્રતિ કિલો મળતો સીએનજી હવે રૂ.88.76 થયો છે. થોડા દિવસો અગાઉ અદાણી ગેસે પણ ભાવ વધાર્યા હતા.

સીએનજીના ભાવ વધતા રીક્ષાચાલકો, ટેક્સીચાલકો અને નોકરિયાતોનો દૈનિક પરિવહન ખર્ચ વધશે. સતત વધી રહેલા ઈંધણના ભાવને કારણે તેમનું માસિક બજેટ ખોરવાઈ રહ્યું છે. પેટ્રોલ-ડીઝલ બાદ સીએનજીમાં પણ વધારો થતાં વાહનચાલકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

વાહનચાલકોના જણાવ્યા મુજબ સીએનજીના વધેલા ભાવની સીધી અસર મુસાફરીના ભાડા અને માલપરિવહન ખર્ચ પર પડી શકે છે. ખાસ કરીને રિક્ષા અને ટેક્સીચાલકો માટે વધારાનો ખર્ચ ગ્રાહકો સુધી પહોંચાડવાની ફરજ પડી શકે છે. આગામી દિવસોમાં અન્ય ચીજવસ્તુઓ અને સેવાઓના ભાવ પર પણ તેની અસર થવાની શક્યતા છે.

સીએનજીના ભાવવધારાથી રોજિંદા મુસાફરી માટે જાહેર પરિવહન અને ખાનગી વાહનોનો ઉપયોગ કરતા લોકોના ખર્ચમાં પણ વધારો થશે. નાના વેપારીઓ અને ડિલિવરી સેવાઓ સાથે સંકળાયેલા વાહનચાલકો માટે પણ ઈંધણ ખર્ચ મોટો પડકાર બની શકે છે. વાહનચાલકોનું કહેવું છે કે આવકમાં વધારો ન થતો હોવા છતાં ખર્ચ સતત વધી રહ્યો છે, જેના કારણે બચત પર પણ અસર પડી રહી છે.

નાગરિકોએ સરકારને અવારનવાર થતા ભાવવધારા પર અંકુશ લાવવા તથા સામાન્ય લોકોને મોંઘવારીમાંથી રાહત મળે તેવા પગલાં ભરવાની માંગ કરી છે.